# શહેરમાં ઘણી ઈમારતો ઉપયોગ વિના ખંડેર બનતી જાય છે

## સરકારી નગર તરીકે ઓળખાતા પાટનગરમાં ઘણી ઈમારતો-મકાનો એવા છે જેનો ઉપયોગ એક પણ વખત થયો નથી : શા માટે તે બનાવાઈ તે પણ ખબર નથી



ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરમાં અડધાથી વધુ ઈમારતો-મકાનો એવા છે જે સરકારી તંત્રએ બનાવ્યા છે. તે પૈકીની ઘણી ઈમારતો મકાનો સ્ટ્રક્ચર એવા છે જે કયા હેતુથી બનાવવામાં આવી છે તેની કોઈ જાણકારી નથી અને તે ખંડેરમાં ફેરવાઈ ગયા છે.

ગાંધીનગરની ઓળખ સરકારી નગર તરીકેની છે. અહીં સરકારી કર્મચારીઓ મહત્તમ સંખ્યામાં રહે છે એટલુ જ નથી અહીં ઉંચી આર્કીટેક્ચર દૃષ્ટિ ધરાવતી સરકારી ઈમારતોની સંખ્યા પણ ખુબ વધુ છે. તાજેતરમાં બનાવાયેલુ મહાત્મા મંદિર હોય, સ્વર્ણિમ સંકુલ હોય કે વિધાનસભા બિલ્ડીંગ તેની બાંધણી ખુબ આકર્ષક છે અને શહેરના સૌંદર્યમાં વધારો કરે છે. અનેક સરકારી ઈમારતોમાં આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરાયો છે અને પ્રતિદિન આધુનિક ટેકનોલોજીવાળી ઈમારતો શહેરમાં બંધાતી જાય છે. જો કે જરા ઝીણવટભરી નજર કરશો તો શહેરમાં જ એવી ઘણી ઈમારતો, સ્ટ્રક્ચર, મકાનો મળી આવશે જે વર્ષોથી ખંડેર હાલતમાં છે. સરકારે તે કયા હેતુસર બનાવી હતી તેની જાણકારી હાલના અધિકારીઓ પાસે નથી. સેક્ટર-૧૭માં ટાઉનહોલ નજીકનો ડોમ કશાય ઉપયોગ વિના વર્ષોથી ઉભો છે. તેનો કોઈ ઉપયોગ જ નથી. તેવી જ રીતે ઘ-૫ ખાતે લાખોના ખર્ચે બનાવાયેલુ ઓપન એર થિયેટર અને ફુડકોર્ટની દુકાનો ઉપયોગ વિના ખંડેરમાં ફેરવાતી જાય છે. વીઆઈપી ગણાતા સેક્ટર-૮માં સરિતાઉદ્યાન જવાના રસ્તે શાળા જેવુ મોટુ મકાન સાવ ખંડેર થઈ ગયું છે.

ખંડેરમાં ફેરવાઈ ગયેલી આ ઈમારતોને જે તે હેતુ માટે જે તે સમયે ન ફળવાતા બદલાઈ ગયેલા અધિકારીઓને હવે તેમાં રસ જ નથી રહ્યો. આ મકાનોની જેમ જ તેની ફાઈલો પર પણ ધૂળના થર જામી ગયા હશે. પાટનગરની આ પણ એક અજાયબી જ છે ને...!

# દિન દયાળ મોજણી સંસ્થામાં લાયબ્રેરી-કવાર્ટર બનશે

ગાંધીનગર, તા. ૧૭

ખ-૫ નજીક સ્થિત દિન દયાળ મોજણી અને મહેસુલી સંસ્થાના સંકુલમાં અધિકારીઓ માટે નવા કવાર્ટર, વી.આઈ.પી. રેસ્ટ હાઉસ તેમજ લાઈબ્રેરી બનાવવાનું કામ હાથ ધરાશે. આર્કીટેક્ટ દ્વારા આ માટે ડિઝાઈન નકશો તૈયાર કરી દેવાયો છે.

ખ-૫ પાસે દીનદયાલ મોજણી અને મહેસુલી વહીવટી સંસ્થા વેસ્ટર્ન ઝોનની કચેરી આવેલી છે. મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને ગુજરાતની આ હેડઓફીસના સંકુલમાં જરુરી કામો હાથ ધરવા આયોજન કરી દેવાયું છે. પાટનગર યોજના ભવનના સૂત્રોના જણાવ્યા અનુસાર દીનદયાલ મોજણી સંસ્થાના સંકુલમાં નવું બિલ્ડીંગ બાંધવા આયોજન કરવામાં આવી રહ્યું છે. સંકુલમાં અધિકારીઓ માટે નવા કવાર્ટર તેમજ વી.આઈ.પી. રેસ્ટ હાઉસ તેમજ લાઈબ્રેરી સહિતની સુવિધા ઉભી કરવા આર્કીટેક્ટ દ્વારા ડીઝાઈન અને નકશા તૈયાર થઈ રહ્યા છે. આ સઘળી કામગીરી પાછળ રૂ. ૫ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે. જો કે હજુ આ કામગીરી સંદર્ભે પ્રાથમિક કક્ષાએ પ્લાનીંગ કરવામાં આવી રહ્યું છે. આગામી સમયમાં વહીવટી મંજુરી અપાયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. સંસ્થાના સંકુલમાં લાયબ્રેરી તેમજ નવા કવાર્ટર બનાવવાનું કામ હાથ ધરાશે તો અધિકારીઓને નજીકમાં જ સઘળી સુવિધા ઉપલબ્ધ થશે.

# શહેરમાં ફાળવવા લાયક ખાલી આવાસોની સંખ્યા માત્ર ૨૦૦ !

## વિવિધ કક્ષાના આવાસો માટે ૮૦૭ની પ્રતિક્ષાધારી નિકાલ હેઠળના ૧૮૧ મકાનો હજુ ખાલી કરાવવાના બાકી

ગાંધીનગર, તા.૧૭

શહેરમાં ૧૬ હજાર જેટલા વિવિધ કક્ષાના સરકારી આવાસો છે. જયારે હાલ ફાળવવા લાયક ખાલી આવાસની સંખ્યા ૨૦૦ છે. જેની સામે વિવિધ કેટેગરીના આવાસો માટે પ્રતિક્ષા યાદીમાં ૮૦૭ જેટલા મકાનોનો સમાવેશ થાય છે. જયારે નિકાલ હેઠળના ૧૮૪૪ મકાનો પૈકી ૧૮૧ આવાસો હજુ પણ ખાલી કરાવવાના બાકી છે.

| | |
|---|---|
| હાલ ખાલી આવાસ | ૩૮૧ |
| ફાળવવા લાયક ખાલી આવાસ | ૨૦૦ |
| નિકાલ હેઠળના આવાસો | ૧૮૪૪ |
| નિકાલ હેઠળના ખાલી આવાસ | ૧૬૬૩ |
| ખાલી કરાવવાના બાકી | ૧૮૧ |
| પ્રતિક્ષા યાદી હેઠળ | ૮૦૭ |

શહેરના સેકટરોમાં દાયકાઓથી અસ્તિત્વ ધરાવતા ૧૬૩૦૦ જેટલા સરકારી આવાસો પૈકી મોટા ભાગના આવાસો કંગાળ હાલતમાં છે. જયારે આવાસ મજબૂતીકરણની કામગીરી અન્વયે હજુ પણ માત્ર ૪૦ ટકા કામગીરી જ થઈ છે. જયારે મોટા ભાગના આવાસોની સ્થિતિ પણ ભયજનક હોવાનું ધ્યાને આવ્યું છે. છેલ્લા એક વર્ષથી આવાસ મજબૂતીકરણની યોજનાનું કામ પણ મંદ પડી ગયું છે. હાલની સ્થિતિએ સે-૬ થી ૯ તેમજ સે-૧૨, ૧૩ તેમજ સે-૧૬, ૧૭ સે-૨૦ થી ૨૪ અને સે-૨૮ થી ૩૦માં સ્થિત હજારો આવાસો પૈકી ૩૮ મકાનો ખાલી છે જયારે ખાલી મકાનો પૈકી ૨૦૦ આવાસો જ ફાળવણી લાયક છે. બીજી તરફ નિકાલ હેઠળના ૧૮૪૪ મકાનો પૈકી ૧૬૬૩ મકાનો ખાલી છે. જયારે ૧૮૧ મકાનો હજુ પણ ખાલી કરાવવાના બાકી છે. અલબત્ત શહેરમાં ૧૬૩૦૦ જેટલા સરકારી આવાસો પૈકી હાલ ૨૦૦ જેટલા મકાનો ખાલી તેમજ ફાળવી શકાય તેવી સ્થિતિમાં છે. જેની સામે ક થી લઈ જ-૨ કક્ષાના મકાનો સંદર્ભે પ્રતિક્ષાયાદી પણ ઘણી મોટી છે. સે-૬, ૭, ૧૨, ૧૩, ૧૬ અને સે-૧૭માં મકાન ફાળવણી બંધ છે.

# સેક્ટર-૨૭ની શાળા ખાનગી ટ્રસ્ટને સોંપવાની હિલચાલ સામે ઉગ્ર રોષ

ગાંધીનગર, તા. ૧૭



સે. ૨૭ મહારાણા પ્રતાપ વિદ્યામંદિરને ખાનગી ટ્રસ્ટને સોંપવાની હીલચાલ સામે વિદ્યાર્થીઓમાં પ્રબળ રોષ ભભૂક્યો છે. શાળાના બે શિક્ષકોની બદલી તેમજ શાળાનું શૈક્ષણિક કાર્ય બપોરના સમયે કરી દેવાતા આજે ૫૦ જેટલા વિદ્યાર્થીઓએ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં હોબાળો કર્યો હતો. ખાનગી ધોરણે શાળા ચલાવવાની નીતિ અપનાવાશે તો ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપવાની પણ ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

સે. ૨૭ મહારાણા પ્રતાપ વિદ્યામંદિરના વિદ્યાર્થીઓ શાળાના શિક્ષકોની બદલીથી ભારે નારાજ થયા છે. શાળાના શિક્ષકોની બદલી ઉપરાંત શાળામાં શૈક્ષણિક સમય સવારના બદલે બપોરનો કરી દેવાથી વિદ્યાર્થીઓમાં ઉગ્ર આક્રોશ પ્રવર્ત્યો છે. બીજી તરફ શાળાને ખાનગી ટ્રસ્ટને સોંપી દેવાની હીલચાલ ચાલી રહી હોવાનું પણ વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું. શિક્ષકોની બદલી સહીત શાળાના સમય અને શાળાને ખાનગી ટ્રસ્ટને સોંપી દેવાની હીલચાલ સામે આજે રોષે ભરાયેલા વિદ્યાર્થીઓએ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં હોબાળો મચાવ્યો હતો. આ તબક્કે વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે નવા વર્ષની શરૂઆત થયા બાદ એક મહીનાના અંતે શિક્ષકોની બદલી કરવામાં આવી છે. જે શિક્ષકો સાથે વિદ્યાર્થીઓ ભણવાનુ વધુ પસંદ કરે છે તેવા શિક્ષકોની બદલી કરી દેવાઈ છે. જ્યારે શાળાનો સમય પણ બપોરની પાળીમાં કરી દેવાયો છે. જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં આજે બપોરે એકત્રિત થયેલા વિદ્યાર્થીઓ લોબીમાં જ વચાળે બેસી ગયા હતા. આ તબક્કે વિદ્યાર્થીઓએ વિરોધ વ્યક્ત કરી જિલ્લા શિક્ષણતંત્રના અધિકારીને રજૂઆત કરી હતી. જ્યારે આ માંગણીઓનો ઉકેલ નહી આવે તો વિદ્યાર્થીઓ ગાંધી ચિંધ્યા માર્ગે લડત આપશે તેવી ચિમકી પણ વિદ્યાર્થીઓએ ઉચ્ચારી છે.

## ખૂણે... ...ખાંચરેથી

- આખા રાજ્યમાં ચોમાસાનો સારો વરસાદ થતાં સંપૂર્ણ રાજ્યને અછતમુક્ત રાજ્ય જાહેર કરાયું છે.
- ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ હેલ્થ મિશનની એક મહત્વની બેઠક આજે ઈન્ફોસીટી રિસોર્ટ ખાતે યોજવામાં આવી છે.
- ગાંધીનગર મહાનગરપાલિકામાં જી.સ્વાન નેટવર્કની કનેક્ટીવીટી સાથે સાથે નવા ટેલિફોનના ઈન્સ્ટ્રુમેન્ટ પણ લગાવાઈ રહ્યા છે.
- એમ.એસ. બિલ્ડીંગમાં હવે પાર્કિંગની વ્યવસ્થા સંભાળવા માટે ફાયરના કર્મચારીઓની સેવાઓ લેવામાં આવી રહી છે.
- વિધાનસભામાં નવી ફાયર સિસ્ટમ લગાવવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ માટે પાણીનો એક અલાયદો સંપ બે લાખ લીટરની ક્ષમતાવાળો બનાવાશે.
- ૧૯મીએ રાજ્યના રમત-ગમત અને સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના મંત્રી શ્રી રમણ વોરા કલેક્ટર ઓફિસ આવી રહ્યા છે.
- ગાંધીનગર સે. ૧૩માં રહેતા ચિરાગ અશોકભાઈ છાયાએ આજે અમદાવાદ સિવિલ ખાતે એક કેન્સરના દર્દીને બ્લડના પ્લેટલેટનું ડોનેશન કર્યું છે જે ગાંધીનગરનો પ્રથમ યુવાન છે.
- ગાંધીનગરની જાણીતી કલા સંસ્થા શિવરંજનીનો દશાબ્દી મહોત્સવ આગામી સપ્ટેમ્બર માસમાં બીજા સપ્તાહમાં ધામધૂમથી ઉજવાશે. જેમાં ત્રિ-દિવસીય સંગીત સમારોહનું આયોજન કરાઈ રહ્યું છે.

# ખોરજમાં કોલેરાના બે કેસ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર તાલુકાના ખોરજ ગામમાંથી કોલેરાના બે દર્દીઓ મળી આવતાં આરોગ્ય તંત્રની ઉંઘ ઉડી જવા પામી છે. આ બન્ને દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે જ્યાં તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ ગાંધીનગર અમદાવાદ માર્ગ પર આવેલ ખોરજ ગામ નજીક એક ખાનગી કન્સ્ટ્રક્શનમાં કામ કરતા બે મજૂરોને ગઈકાલથી ઝાડા-ઉલ્ટી થયા હતા. તેમની ક્લીનીકલી તપાસ દરમ્યાન કોલેરા જણાતાં તંત્રના અધિકારીઓ ચોંકી ઉઠ્યા હતા.

ગાંધીનગર સિવિલમાં સારવાર હેઠળ રાખવામાં આવેલા આ બન્ને દર્દીઓના નમૂના મેળવી તેના કલ્ચર રિપોર્ટ માટે અમદાવાદ પરીક્ષણમાં મોકલવામાં આવ્યા છે.

જો કે તંત્ર દ્વારા ખોરજ ખાતે તાબડતોબ સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે તેમજ પાણીના ક્લોરીનેશન માટે પણ જરૂરી પગલાં લેવામાં આવ્યા છે.

તંત્ર દ્વારા આ મુદ્દે હજુ અમદાવાદ મોકલવામાં આવેલ નમૂનાઓના પરીક્ષણ રિપોર્ટની રાહ જોવામાં આવી રહી છે. આ પછી આ વિસ્તારને ભયગ્રસ્ત વિસ્તાર જાહેર કરવો કે કેમ ? તે અંગે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ચોમાસાની આ ઋતુના આરંભથી અત્યાર સુધી જિલ્લામાં કોલેરાના સાત કેસ નોંધાયા છે. જેમાં બે કેસ દહેગામમાં, ગાંધીનગર શહેરમાં છુટા છવાયા ૩ કેસ તેમજ ગાંધીનગર તાલુકાના ખોરજ ગામે નોંધાયેલ આ બે કેસનો સમાવેશ થાય છે.

# લીંબડીયા-કરાઈમાં કરોડોની જમીનમાં કૌભાંડની મુખ્યમંત્રીને રજૂઆત કરાશે

## નવી શરતની કરોડોની જમીનમાં પ્રિમીયમ ભર્યા વિના વેચાણ દસ્તાવેજ કરવાનું કૌભાંડ : ખોટા અંગુઠાથી રેકર્ડ સાથે ચેડા : પૂર્વ સરપંચની રજૂઆત

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લાના લીંબડીયા-કરાઈ ગામમાં ૬૦ વીઘા કરતા વધારે જમીનમાં નવી શરત હોવા છતાં પ્રિમીયમ ભર્યા વિના વેચાણ દસ્તાવેજ કરવાનું કૌભાંડ આચરવામાં આવ્યું છે. આ જમીનનો કબજો ધરાવી ખેતી કરતા ખેડૂતોને વારસાઈ કરવા સાથે પ્રિમીયમ ભરવાના બહાને કરાયેલી છેતરપીંડીમાં કલેકટરે તપાસના આદેશો કર્યા છે. પરંતુ ખોટા ખેડૂતો અને નીચલા કર્મચારી અધિકારીઓની મીલીભગત તેમજ ભ્રષ્ટાચારના કારણે આઠ મહીના થવા છતાં હજી સુધી કોઈ રીપોર્ટ આપવામાં આવ્યા નથી. જ્યારે ખાતેદાર મહિલાનું ૨૮ વર્ષ પહેલા મૃત્યુ થયું હોવા છતાં તેના ખોટા અંગુઠાથી રેકર્ડ સાથે કરાયેલા ચેડામાં એલસીબીએ પણ આરોપીઓ સામે હજી સુધી કોઈજ કાર્યવાહી કરી નથી.

ગાંધીનગર તાલુકાના લીંબડીયા-કરાઈ ગામના પૂર્વ સરપંચ હર્ષદભાઈ પટેલે આ અંગે જણાવ્યા મુજબ આ ગામની સર્વે નં. ૧૪૨/૨, ૮૦, ૧૦૪/૧, ૯૯/૨, ૧૨૨ અને ● અનુસંધાન પાના - ૭ પર


## નોટીસ

સાંચાકામ સબબે તા. ૨૦-૭-૨૦૧૩ને શનિવારના રોજ સવારના ૧૦ કલાકથી સાંજના ૫ કલાક સુધી નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો બંધ રહેશે. જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી. તકલીફ બદલ ક્ષમા કરશો.

● સેકટર-૨૯ S/S

ટોરેન્ટ પાવર લિમીટેડ













Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com